વિધાનસભા ચૂંટણી માટેનાં ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસે શુક્રવારે ગાંધીનગર ખાતે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો અને સમર્થકોનો ભારે મેળાવડો જોવા મળ્યો હતો. (તસવીર : દિપક જાની)

નરહરી અમીનના રાજકીય ત્રાગાંને પગલે ગાંધીનગરના બન્ને ઉમેદવારો બદલાયા

છેલ્લી ઘડી સુધીના દાવપેચમાં કાર્યકરો અટવાયા, બેબાકળા બન્યા તો કેટલાકે ધીરજ ગુમાવી અને શાબ્દીક ટપાટપી પણ થઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાની નવી રચાયેલી ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) ની બેઠક પર ઉમેદવારોની પસંદગીના મુદ્દે કોંગ્રેસ પક્ષમાં છેલ્લી ઘડી સુધી દાવપેચ રમાયા અને છેલ્લી પળોમાં ઉમેદવારના મેન્ડેટ પણ બદલાતાં કાર્યકરોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.

ગઈકાલે મોડી સાંજે ગાંધીનગર (ઉ) બેઠક માટે શ્રી નિશીત વ્યાસ અને ગાંધીનગર (દ) બેઠક માટે સવાર સુધી નામ નિશ્ચિત થઈ શક્યું ન હતું. એક તબક્કે આ બેઠક માટે હેમત ઝાલાના નામની પસંદગી લગભગ નિશ્ચિત મનાતી હતી પરંતુ ગઈ મધરાતથી ગાંધીનગર (દ) બેઠકના ઉમેદવાર તરીકે નરહરિ અમીનની પસંદગી ન થતાં તેમણે કરેલા રાજકીય ત્રાગાંઓને પગલે કોંગ્રેસ મોવડીમંડળે સવારે મેન્ડેટ આપવાની કામગીરી સ્થગિત કરી દીધી હતી.

ગાંધીનગર (ઉ) માટે બીજી તરફ ઈન્દ્ર વિજયસિંહ ગોહિલને પણ ઉમેદવારી પત્ર ભરી તૈયાર રાખવાની સૂચનાઓ મળતાં કાર્યકરોમાં દોડધામ મચી જવા પામી હતી.

ગાંધીનગર (દ) અને ગાંધીનગર (ઉ) ની બેઠક માટેના ઉમેદવારોની પસંદગીને લઈ નરહરિ અમીનના રાજકીય ત્રાગાંઓને પગલે દિલ્હીમાં બેઠકોનો સિલસિલો ચાલ્યો હતો અને બપોરે ૧॥ વાગ્યા બાદ ઉમેદવારોની પસંદગીનું આખુ ચિત્ર પલ્ટાઈ જવા પામ્યું હતું.

ગાંધીનગર (દ) બેઠક માટે કોંગ્રેસના જુગાજી ઠાકોરે એક તબક્કે અપક્ષ ઉમેદવારી નોંધાવવાનું નક્કી કર્યુ હતું તો ભાજપમાં શ્રી શંભુજી ઠાકોરને પણ મેન્ડેટ ન મળ્યો હોવાથી શ્રી અમીન ભાજપના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી રહ્યાની વાતોએ જોર પકડ્યું હતું. તો બીજી તરફ જિલ્લાના કોંગી નેતાઓ પ્રદેશ નેતાઓ અને દિલ્હીના નેતાઓ સાથે ફોન પર સતત ફોન પર સંપર્ક કરી રહ્યા હતા.

દરમ્યાન બપોરના બે વાગે દિલ્હીથી ગાંધીનગર (ઉ) બેઠક માટે કોંગ્રેસના શ્રી સુરેશ પટેલ અને ગાંધીનગર (દ) બેઠક માટે શ્રી જુગાજી ઠાકોરની પસંદગી કરવામાં આવી હોવાનું જણાવતાં તાબડતોબ શ્રી સુરેશ પટેલને લઈ મ્યુનિ. કોર્પો.ના પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, કાઉન્સીલર અશ્વિન વ્યાસ, અશોક શ્રીમાળી, મીનાબા વાઘેલા અને કાર્યકરો કોર્ડન કરી લઈ આવ્યા હતા. તેઓ ૨.૨૫ મિનિટે કલેક્ટર કચેરીમાં દાખલ થઈ ગયા હતા. તેમણે પ્રાંત અધિકારીની કચેરીમાં જઈ ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું.

આ દરમ્યાન કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ પણ તેમના સમર્થકો સાથે પ્રાંત અધિકારીની કચેરીએ આવી પહોંચ્યા હતા.

પ્રાંત અધિકારીની કચેરીમાં બન્ને ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર રજુ કર્યાહતા. પરંતુ ઉમેદવારી પત્ર સાથે મેન્ડેટનું ફોર્મ એ અને બી શ્રી સુરેશ પટેલ વતી શ્રી વિક્રમસિંહ ખાચરે રજુ કર્યુ હતુ. જ્યારે શ્રી નિશીત વ્યાસ તે રજુ કરી શક્યા ન હતા. બીજી તરફ ગાંધીનગર (દ)ની બેઠક માટે જુગાજી ઠાકોરે તેમનું ઉમેદવારી ફોર્મ જિલ્લા પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા, શ્રી જશુભા રાણા અને અન્ય આગેવાનોની હાજરીમાં રજુ કર્યું હતું. કોંગ્રેસ પક્ષમાં આજે મેન્ડેટની મગજમારીને લઈ છેલ્લી ઘડી સુધી હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામા ખેલાયું હતું. એક તબક્કે કોંગ્રેસમાંથી સુરેશ પટેલની પસંદગીના મુદ્દે કોંગ્રેસી કાર્યકરોમાં ઉગ્ર શાબ્દીક ટપાટપી પણ થઈ જવા પામી હતી જેમાં કોંગ્રેસ અગ્રણી શ્રી કે.આર. પટેલે એક તબક્કે એવા શબ્દો ઉચ્ચાર્યા હતા 'સ્થાનિક ઉમેદવારને જ પસંદ કરો તેવી વાત કહેતા કહેતા મેયર પક્ષ છોડી ગયા હવે કાર્યકરોને તમે તરછોડો એટલે પુરૂ થાય.'

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ઝેડ પ્લસ સિક્યોરીટી પાછી ખેંચાઈ

ગાંધીનગર, તા. ૩૦

પૂર્વ મુખ્યમંત્રી અને પરિવર્તન પાર્ટીના સુપ્રીમો શ્રી કેશુભાઈ પટેલની ઝેડ પ્લસ સિક્યોરીટી પાછી ખેંચી લેવામાં આવી છે.

શ્રી કેશુભાઈ પટેલ આજે તેમના કાફલા સાથે વિસાવદર જઈ રહ્યા હતા ત્યારે ચૂંટણીપંચના સત્તાવાળાઓએ તેમની સલામતિની ત્રણ ગાડીઓ અટકાવી દેવાઈ હતી અને કબજે લેવાઈ હતી. ગુજરાતમાં રાજકીય નેતાની સુરક્ષાના મામલે પંચે આકરૂ વલણ લેતા આજે રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ચર્ચાનો બની જવા પામ્યો હતો.

બિલ્ડર ગ્રૂપને ત્યાં આવકવેરાના દરોડામાં પંદર કરોડની કરચોરી ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર પંદર કરોડની કરચોરી ઝડપાઈ છે. વૈષ્ણોદેવી સર્કલ પાસે પાંચ સ્કીમો લોન્ચ કરનાર બિલ્ડર ગ્રુપે દરોડામાં પંદર કરોડની કરચોરીની કબુલાત કરી છે.

ઈન્કમટેક્ષ કમિશનરશ્રી મહેશ્વરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ અધિક કમિશનરશ્રી ભારતી અને આસીસ્ટન્ટ કમિશનર શ્રી ઉર્જિત શાહ અને તેમની ટીમે તાજેતરમાં બિલ્ડર શ્રી બાલાજી ગ્રુપની કચેરી અને નિવાસસ્થાને કરચોરી મામલે દરોડો પાડ્યો હતો.

શ્રી બાલાજી ગ્રુપની ઓફિસ મોટેરામાં આવેલી છે. તાજેતરમાં આ ગ્રુપ દ્વારા વૈષ્ણોદેવી સર્કલ પાસે પાંચ ભવ્ય સ્કીમનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ દરોડા દરમિયાન શ્રી બાલાજી ગ્રુપે ૧૫ કરોડની કરચોરીની કબુલાત કરી છે.

ગાંધીનગરમાં વાજતે-ગાજતે ઉમેદવારીપત્રો ભરાયાં.....

- વિધાનસભા ચૂંટણી-૨૦૧૨ ઉમેદવારી પ્રક્રિયાના અંતિમ દિવસે માણસા, દહેગામ સહિત ગાંધીનગર ઉત્તરના ભાજપ, કોંગ્રેસ, જી.પી.પી. અને અન્ય પક્ષોએ કલેક્ટર કચેરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી.
- ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે સવારથી જ પોલીસ અધિકારીઓ તેમજ સી.પી.એમ.એફ. તેમજ મહિલા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.
- દરેક ઉમેદવાર સાથે દસ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવતો હતો.
- કલેક્ટર કચેરીનો માત્ર એક જ પ્રવેશદ્વાર રાખવામાં આવ્યો હતો.
- મુખ્ય રાજકીય પક્ષોમાં માણસા બેઠકના ભાજપના ઉમેદવાર ડી.ડી. પટેલ પ્રથમ ફોર્મ ભર્યુ હતુ.
- ડી.ડી. પટેલ સાથે અમુલ ડેરીના ચેરમેન વિપુલ ચૌધરી હાજર રહ્યા હતા.
- ત્યારબાદ દહેગામ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર રોહીત ઠાકોરે ફોર્મ ભર્યુ હતું.
- ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર અશોકભાઈ પટેલે પોતાની ઉમેદવારી નોંધાવી ત્યારે મહાનગર કોર્પોરેશનના શ્રી મનુભાઈ પટેલ, વાડીભાઈ પટેલ તેમજ સાથી કાર્યકર્તાઓ સાથે ઉમેદવારી નોંધાવી હતી.
- ગાંધીનગર મહાનગરના ભાજપના કોર્પોરેટરો તેમજ વિવિધ સેલ, મોરચાના અગ્રણીઓની હાજરી ધ્યાન ખેંચતી હતી.
- માણસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અમિત ચૌધરી ઉમેદવારી નોંધાવી ત્યારે તેમના સમર્થનમાં ભૂતપૂર્વ ધારાસભ્ય ઈશ્વરસિંહ ચાવડા હાજર રહ્યા હતા.
- દહેગામ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કામિનીબેન રાઠોડે મોડે મોડે ઉમેદવારી નોંધાવી હતી.
- ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિશિત વ્યાસની જગ્યાએ છેલ્લી ઘડીએ મેન્ડેટ સુરેશ પટેલને આપવામાં આવ્યો હતો.
- નિશિત વ્યાસ પણ ઉમેદવારી નોંધાવવા કલેક્ટર કચેરી આવ્યા હતા. પરંતુ 'ફોર્મ-બી' રજુ કરી શક્યા નહોતા.
- ગુજરાત પરિવર્તન પાર્ટીના એમ.આર. પટેલે ઉમેદવારી નોંધાવી ત્યારે સુનિલ ત્રિવેદી, મધુકર પરમારસહિતના પાર્ટીના આગેવાનો હાજર રહ્યા હતા.
- ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી શંભુજી ઠાકોરે પહેલા મેન્ડેટ વગર બાદમાં ૧.૩૮ કલાકે મેન્ડેટ સાથે ઉમેદવારી નોંધાવી હતી.
- ગાંધીનગર દક્ષિણ બેઠક પર કુલ ૬ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ૧ બી.એસ.પી., ૧ પ્રજાતંત્ર, ભાજપ, ૧ આર.એસ.પી., ૨ જી.પી.પી., ૧ જેડીયુ અને ૧ કોંગ્રેસ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી.
- ત્રણ ડી.વાય.એસ.પી. સહિત ૧૦૦થી વધુ પોલીસ કર્મીએ જિલ્લાપંચાયત, કલેક્ટર કચેરી અને કલોલ પ્રાંથ કચેરીએ ફરજ બજાવી હતી.
- જુગાજી ઠાકોર સાથે મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા.
- ઢોલ, નગારા સાથે ઉમેદવારો ખુલ્લી જીપમાં પોતાની ઉમેદવારી નોંધાવવા પોતાના સમર્થકો સાથે આવતા રાજકીય મેડાવળાનો માહોલ સર્જાયો હતો.
- ઘ-રોડ સહિત કલેક્ટર કચેરીની આજુબાજુ વાહનોનો ખડકલો થતા ટ્રાફીક ખોરવાયો હતો.

કોંગ્રેસમાં માત્ર એક જ પટેલ છે અને તે અહેમદ પટેલ : નરેન્દ્ર મોદી

અમદાવાદ, તા. ૩૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજ રોજ મણિનગર ખાતેની જાહેરસભામાં કોંગ્રેસે મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે અહેમદ પટેલને જાહેર કરવા જોઈએ એ પ્રકારની કરેલી ટીપ્પણીની હાંસી ઉડાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે મોદી જેવા ખુરશી દાસોની રાજનીતિ ખુરશીની આસપાસ જ ઘુમતી હોય છે. અહમદ પટેલ ક્યારેય મુખ્યમંત્રી પદ કે કોઈ સરકારી પદના દાવેદાર હતા નહીં અને ભવિષ્યમાં પણ કદી થવાના નથી.

મોઢવાડીયાએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી પાસે ભાજપના ૧૭ વર્ષના શાસનનો પ્રજાને હિસાબ આપવા માટે કશુ નથી. ૧૭ વર્ષ સુધી ભ્રષ્ટાચાર, તમાશાઓ અને મેળાઓમાં મસ્ત રહીને નરેન્દ્ર મોદીની સરકારે મોટા મુડીપતિઓના ખીસ્સા ભર્યા છે અને ચૂંટણીમાં ખંડણીથી ઉઘરાવેલાં નાણાંનો બેફામ ઉપયોગ કરીને વાણી-વિલાસ કરે છે.

આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે શુક્રવારે અમદાવાદની મણિનગર બેઠક પરથી વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાજપના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું. એમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર તરીકે શ્વેતાબેન સંજીવ ભટ્ટે પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કર્યું હતું.

જિલ્લામાં સૌથી ધનવાન ઉમેદવાર ડી.ડી. પટેલ અને રોહિતજી ઠાકોર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી લડી રહેલા ઉમેદવારોમાં સૌથી વધુ ધનવાન ઉમેદવાર માણસાના શ્રી ડી.ડી. પટેલ છે. જ્યારે બીજા ક્રમે દહેગામના શ્રી રોહીતજી ઠાકોર છે. આ બન્ને ઉમેદવારો પાસે ૪૦ કરોડથી પણ વધુની અસ્કયામતો છે.

ઉમેદવારો દ્વારા તેમના ઉમેદવારીપત્ર સાથે રજુ કરાયેલ સોંગદનામામાં ઉમેદવારોની સ્થાવર અને જંગમ મિલ્કતોની વિગતો રજુ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠક પૈકી ગાંધીનગર (ઉત્તર), દહેગામ અને માણસા વિધાનસભા બેઠકના ઉમેદવારોએ શુક્રવારે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ઉમેદવારીપત્રો ભર્યા હતાં. તેની સાથે સોનું-ચાંદી, ઝવેરાત, વાહનો, મકાનો સહિતની સ્થાવર-જંગમ મિલકતોનું એફિડેવિટ પણ રજૂ કર્યું હતું. ત્રણ બેઠકના ભાજપ-કોંગ્રેસના ૬ ઉમેદવાર પૈકી ગાંધીનગર (ઉત્તર)ના ભાજપના ઉમેદવાર દેવાદાર છે તો માણસા બેઠકના ભાજપના ઉમેદવારસૌથી વધુ ધનવાન છે. ગાંધીનગર (ઉત્તર)ના ભાજપના ઉમેદવાર અશોક પટેલ (બોફોર્સ)ની ૧.૫ કરોડનું મકાન, ૪૦ લાખનાં ઘરેણાં, ૫ લાખની કાર, ૭૫ હજારનાં ટુ વ્હીલર્સ અને ૩ લાખ રૂપિયા રોકડા મળી કુલ ૧,૫૩,૭૫,૦૦૦ મિલકત છે. કોંગ્રેસના ઉમેદવાર અને કલોલના વર્તમાન ધારાસભ્ય સુરેશ પટેલની કુલ મિલકત ૨,૬૬,૯૭,૫૦૦ છે. સ્વીફ્ટ અને ઈનોવા કાર ઉપરાંત તેમની પાસે ૧૧૦ તોલા સોનું અને પત્ની પાસે ૧૦૦ તોલા સોનું છે. સુરેશ પટેલની રૂ. ૯૮,૫૯૭ની બેન્ક લોન પણ છે. જિલ્લાની પાંચ બેઠકના એકમાત્ર મહિલા ઉમેદવાર દહેગામ બેઠકના કોંગ્રેસના કામિનીબહેન રાઠોડ ૧,૨૭,૫૦૦ રોકડ રકમ ધરાવે છે. તેમના પતિ પાસે ૮૨,૦૦૦ રોકડ રકમ છે. કામિનીબહેનની કુલ મિલકત ૧૦,૨૨,૬૦૮ છે જ્યારે તેમના પતિની મિલકત ૭,૪૪,૮૩૭ દર્શાવી છે. તેમની પાસે વાહન નથી પરંતુ ૩૦૦ ગ્રામ સોનું અને ૫૦૦ ગ્રામ ચાંદી છે. જમીનદલાલી અને ખેતીનો વ્યવસાય કરતા ભાજપના ઉમેદવાર રોહિતજી ઠાકોરની કુલ મિલકત ૪૨,૦૩,૩૪,૦૦૦ જાહેર કરાઈ છે. ૭.૫૦ લાખની કિંમતનાં ૨૫૦ ગ્રામ ઘરેણાં છે તથા તેમની જંગમ મિલકત રૂ. ૧,૨૬,૨૮,૦૦ છે અને તેમની પત્નીની જંગમ મિલકત ૨.૦૩ કરોડ દર્શાવી છે. રૂ. ૪૦,૭૭,૦૬,૦૦૦ની સ્થાવર મિલકત છે. ૪૧.૬૦ લાખની આઉડી અને ૫.૬૫ લાખની હ્યુન્ડાઈ એસેન્ટ કારમાં ફરતા ઠાકોરે એચડીએફસી બેન્કમાંથી ૧૩ લાખની કાર લોન લીધી છે.

માણસા બેઠકના ભાજપના ઉમેદવાર દશરથભાઈ (ડી.ડી.) પટેલ ૪૪.૪૨ કરોડના આસામી છે. તેમણે સ્થાવર અને જંગમ મળીને કુલ મિલકત ૪૪,૪૨,૩૧,૦૯૨ દર્શાવી છે. ડી.ડી. પાસે ૯,૯૦,૫૦૦ તથા તેમની પત્ની પાસે ૯,૯૦,૫૦૦ કરોડ રોકડ રકમ છે. ડી. ડી. પાસે ૨.૪૦ લાખની કિંમતનું ૯૦ ગ્રામ સોનું તથા તેમની પત્ની પાસે ૧૧,૫૨,૭૫૦ની કિંમતનું ૪૬૫ ગ્રામ સોનું છે. ડિપ્લોમાં ઈન સિવિલ એન્જિનિયરની ડિગ્રી ધરાવતા બિલ્ડર

અનુસંધાન પાન-૭ પર

મકાન ભાડે આપવાનું છે
૨૦૦ ચોમીનું ઉપરના માળે. ૨ બીએચકે, હોલ, કીચન, ગેલેરી. સેક્ટર-૭, ચ રોડ પાસે.
-: સંપર્ક :-
મો. ૯૪૨૭૦૦૭૩૪૪

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com